.સજ છે.

. બનાવનાં.

પ્રભાતસંગ્રહ.

શુદ્ધ કરી છપાવી પ્રસિદ્ધ કરનાર.

બાવા. રામદાસજી ગુરૂ શ્રી ગોકુળદાસજી.

(રણછોડ પુસ્તકાલય) ડાકોર.

બીજી આવૃત્તિ ૪૦૦૦

શ્રી સત્યનારાયણ પ્રિન્ટિંગ પ્રેસ—અમદાવાદ.

સંવત ૧૯૬૫. સને ૧૯૦૯.

કીમત અરધો આનો.

અથ પ્રભાતીયાં પ્રારંભ.

પ્રભાતિયું ૧ લું.

પાહોરમાં દીઠા ઠાકોરમા, ઠીક ઠાકોરશું મન મોહ્યું;
ાય છે જગત જોવા જાયછે, ગોમતી ગગમાં અંગ ધોયું. પ્ર. ૧
ઘાટમાં મળ્યા પ્રભુ વાટમાં, સેજમાં શામળે સામું જોયું;
હરી નરખીયા પ્રેમથી પરખીયા, પલક ઘડી એકમાં પાપ ખોયું. પ્ર. ૨
વન દેખાડીયાં ચઊદરત્ન કહાડીયા, કામધેનું ગાયનુ દુધ દોયું;
વાનમા સમુદર સાથમા, નાગને નેતરે નીર વલોવ્યું. પ્ર. ૩
ણાજી લાવીયા ટકપુર આવીયા, સર્વના મનમાં શુભ સોયું;
મી આશારામના નવખંડ નામના, શામળે ચિતમાં ચિત પ્રોયું. પ્ર. ૪

પ્રભાતિયું ૨ જું.

જ આનંદના ઓધ ઉદે થયા. રાય રણછોડજી નયણે નીરખ્યા;
ા પુન્યના સુરજ ઉદે થયા, દરશન દેવના પીત્રી હરખ્યા. આજ.
તી સાગર પતિતજન પાવન, તે તણી લેહેરમાં રેણુ ધુવે;
ાં શેઠ બેઠા સુરીનર તણા, ભેટવા ભકતની વાટ જુવે. આજ.
ય તિરથ હરિના ચરણ કમળ વિષે, ત્યાં રહે હરજી અતિ શામવરણે;
ફણ રંકને ટંકકરૂણા કરો, પંથછે દૂર પણ ચિત્ત ચરણે. આજ.

જશોદા કૃષ્ણને જગાડે છે રાગ ઝુલણા છંદનો ૩.

ને જાદવા કૃષ્ણ ગોવાળીયા, તુજ વિના ધેનમા કોણ જાશે;
ુસેને સાંઠ ગોવાળ ટોળે મળ્યા, વડોરે ગોવાળીયો કોણ થાશે. જા.
ાં દહીથરાં ઘીતણાં ઘેબરાં, કઢીએલ દુધ તે કોણ પીશે;
ા હાથીયો કાળીનાગ નાથીયો, ભોમીનો ભાર તે કોણ શેહેશે.
ાને નીર તીરે ગૌધેન ચારતાં, મધુરીશી મોરલી કોણ વાશે;
મે નરસઇઓ તે ગુણગાઇ રીઝવે, બુડતાં બાવડી કોણ સહાશે

ગોપિ રજા માગે છે. ૪

મેહેલ પીતાંબર અંબર માહરૂ, સુરજ ઉગે કેમ સુઇ રહીએ
અમઘેર સાસુને નણંદછે દોહલી, કંથ પૂછે તેને શુરે કહીએ.
ધેન દોહોવી ઘેર વાછરું ટળવળે, નહીરે વસાવવું આજ મા
કંઠથી બાવડી કહાડ કમળાપતિ, કાલ કોણ આવશે મંદિર તારે. મ. ૨
તું તારે મંદિરે પ્રેમશું પોઢીયો, માહારે મંદિર દુર જાવું.
લોકની લાજ લોપી લતમાવરા, ફરીનહી મંદિરે તારે આવું. મેલ ૩
પંખીયા શબ્દ કરે અતિ સુંદર, દીપક જ્યોત તે ક્ષીણ થાયે,
કંઠથી કુસુમના હાર કરમાઈ ગયા, ગાયન પંખગ સંગ થાય. મેલ ૪
તુ સુર સંગમાં શાંત ક્યા થઈ રહ્યો, રાહ જીગનગરે શીશ નામો,
નરસઈના સ્વામી ભાવે મળીયો ભલો, વરેહ તણી વેદના સર્વ વામી.

પ્રભુની કૃપા વિના પુરૂ ના પડે તે વિષે. ૫

પુરૂ ના પડે નાથજી તમારી કૃપાવિના, એક આણું ત્યારે અનેક ખુટે.
પાપ કપટ કરી ધન સંચે મળી, થાય દગ્ધ કે રાજા ચોર લુંટે. પુરૂ.
મનતણા મનસુબા મનમાહી રહી ગયા, સાત સાંધુ ત્યારે તેર ત્રુટે;
નરસઈના સ્વામી તમારી કૃપા વિના, રંક મનાવુ ત્યારે રાય રૂઠે. પુરૂ

ઈશ્વરનું સ્મરણ કરવા વિષે. ૬

સમરને શ્રી હરી મેલ મમતા પરી, જોને વિચારીને મુળ તારૂ;
તું અલ્યા કોણ ને કોને વળગી રહ્યો, વગર સમજે કરે મારૂં મારૂં,
દેહ તારો નથી જોને જુગતે કરી, રાખતા નવ રહે નિશ્ચે જાશે
દેહ સંબંધી તજી નવા નવા બહુ હશે, પુત્ર કળત્ર પરિવાર વ[illegible]
ધન તણું ધ્યાન તું અહોનીશ આદરે, એજ તારી અંતરાય મે[illegible]
પાસેછે પીયુ અલ્યા તેને નવ પરખીયો, હાથથી બાજી ગઈ થયોરે બે[illegible]
ભરનિંદ્રા ભર્યો રોથી ઘેર્યો ઘણો, સંતના શબ્દ સુણી કાં નવ [illegible]

જાગતાં નરસૈંયા લાજ છે અતિ ઘણી, જન્મોજન્મ તારી ખાંત જાગે.

પ્રભાતિયું ૭ મું.

ધ્યાન ધર હરિ તણું અલ્પ મતિ આળસુ, જે થકી જન્મના દુઃખ જાય;
અવર ધંધો કરે અર્થ કાંઈ નવ સરે, માયા દેખાડીને મૃત્યું વાહાય.
સકળ કલ્યાણ શ્રીકૃષ્ણના ચરણમાં, શરણ આવે સુખ પાર ન હોયે;
અવર વેપાર તું મેલ મિથ્યા કરી, કૃષ્ણનું નામ રાખ મ્હોંયે, ધ્યાન.
પટક્ય માયા પરી અટક્ય ચરણે હરી, વટક્યમાં વાત સુણતાંજ સાચી;
આશનું ભવન આકાશ સુધી રચ્યું, મૂઢએ મુળથી ભીંત કાચી. ધ્યાન.
અંગ જોબન ગયું ચળીત પીંજર થયું, તોય નથી લેતો કૃષ્ણ કહેવું;
ચેતરે ચેતદિન ચારછે લાભના, લીંબુ લહકારતાં રાજ લેવું. ધ્યાન ૩
સરસ ગુણ હરી તણા જે જને અનુસર્યા, તેતણા સુજસતો જગત બોલે;
નરસૈંયા રંકને પ્રીત પ્રભુશું ઘણી, અવર વેપાર નહી ભજન તોલે.

ઈશ્વરનો ઉપકાર માનવા વિષે. ૮

હરીતણું હેત તને કેમ ગયું વિસરી, પશુ ફેડીને નર રૂપ કીધુ,
કાડને છેદ કરી સઉ તુને હાંકતું, આજ વધારીને માન દીધું.
પ્રાચીનું ગાળીયું કંઠથી ટાળીયુ, નેત્રના પાટા શ્રી નાથે છોડ્યા,
તે તણા ચરણને નવ ભજ્યો કૃતઘ્ની, તેં ન ગુણ પાડના હાથ જોડ્યા.
પગ ઠોકી ઠરી માગતો મુઢગતી, શ્વાસ પાણી કરી શબ્દ ઝીણા;
આજ ગોવીંદ ગુણ ગાઈને નાચતાં, લાજ આવે તને કર્મહીણા. હ૦
લબ્બાશી ડોકને કાંકોળ ચાવતો, ઊંટ જાણી ઘણો ભાર લાધે;
આજ અમૃત જમે હરખે હરવો ભમે, વૈકુંઠ નાથને નવ આરાધે.
પીઠ અંબાડીને અંકુશ માર સહી, રેણ ઉડાડતો ધરણી હેઠે;
આજ સુખચંદન આભ્રણ અંગ ધરી, વેગે જાયછે વેલે બેઠો.
અન્નને વસ્ત્રને ભુષણ સરવ જે, તેહનો તુજને હતો ઉધારો;

નરસઇના સ્વામીએ સરવ સારૂ કર્યું, તે પ્રભુને તમે કાં વિસારો.

ઇશ્વરનું કીરતન કરવા વિષે. ૯

કૃષ્ણ કિરતન વિના નર સદા સુતકી, વિમળકીધે વપુ શુદ્ધ ન થાયે;
સકળ તીરથ શ્રીકૃષ્ણ કિરતન કથી, હરીતણા દાસ જ્યાં હેતે ગાયે. ૧
પુરણ પુરૂશોત્તમ નવલ રંગી તજી, અન્ય દેવે જેનું મન મોહે;
કોટી ચિંતામણી કામધેનુ તજી, નહીંધીના પુત્રનું દુધ દોહે. કૃષ્ણ ૨
ગરગ જોશી જશ ગાય જેનો સદા, નારદ નામ મુખથી ન મુકે;
તે બ્રહ્માઠાર આવીને ઉભા રહ્યા, ગોપીને મુખ જોવાને ટુકે. કૃ. ૩
આજ ભવ સુરપતિ સ્વપ્ને પેખે નહી, નેતિ નેતિ નિગમ વામે;
નરસઇયો રંકજશ ગાઇને રીઝવે, સહસ્ત્ર મુખે શેશ પાર ન પામે. ૪

પ્રભાતિયું ૧૦ મું.

હરિ હરિ રટણ કર કઠણ કળી કાળમાં, દામ એમે નહી કામ સરશે;
ભક્ત આધિન છે સ્યામ સુંદર સદા, તે તારાજ કારજ સીદ્ધ કરશે.
અલ્પ સુખ સારૂ શું મુઢ ફુલ્યો ફરે, શીશપર કાળરહ્યો દંત કરડે;
પામર પલકની ખબર તુજને નહી, મૂઢ શું જોઇને મુછ મરડે. હરિ.
પ્રોઢ પાપે કરી બુદ્ધી પાછી ફરી, થડ મુકી શુ ડાળે વળગ્યો;
ઇશને પરશા છે નહી જીવપર, આપણે અવગુણે રહ્યો અળગો. હ.
પ્રપંચ પરહરે સાર હ્રદયે ધરો, ઉચરો હરી મુખ અચળ વાણી;
નરસઇયા હરીતણી ભક્તિ ભુલીશમાં, ભક્તિ વિના બીજુ ધુળધાણી

પાપના પસ્તાવા વિષે. ૧૧

બાપજી પાપ મેં કવણ કીધાં હશે, નામ લેતાં તારૂ નિંદ્રા આવે;
ઊંઘ આળસ અહાર મેં આદર્યા, લાભ વિના લવરી કરવી ભાવે.
દિન પુંઠે દિન તો વહી જાય છે, દુરમતીનાં મેં ભર્યાંરે ડગલાં;

હેઠ છે જાુઠડી રૂકમ તે જાુઠડા, ભીડભંજન તારૂં નામ સાચું;
ફરી ફરી શ્રીહરી વરણવું તુજને, પતિત પાવન તારૂ નામ જાચું.
તારી કરૂણા વિના કૃષ્ણ કોડામણા, કળ અને વિકળનું બળ ન ફાવે;
નરસઇયા રંકને ઝંખના તાહરી, હેડ બેડી ભાગો શરણે આવે. ભા.

પ્રભાતિયું ૧૨ મું.

ચાલીયો વાટમા જ્ઞાનના ઘાટમાં, મીત્ર મોહન તણું નામ લેતો;
ધન્ય એ નારએ અવતાર સફળ કર્યો, ક્રાણશ્રી ક્રાણમુખ એમ કેતો.
માગવું મૃત્યુ પ્રમાણ છે પ્રાણીને, લોભ કીધે તહા પ્રીત તુટે;
કહ્યું મે અબળા સુખે બેસી રહો, માગતાનો બધો મરમ છુટે, ચા.
માગીયુ મે નથી શું મુખે કહુ કથી, ભોગવું કર્મ જે ભાગ્ય લાવ્યો;
શ્રીપતી નાથે મને રંક મરજાવીઓ, કહેતાં એમ દ્વિજદ્વાર આવ્યો.
આવી ઉભો રહ્યો કંઠ ગદગદ થયો, કોટી સુરજશી જ્યોત ભાસે;
ઉર દયા આણીને હરીજન જાણીને, પોળીએ જઇ કહ્યું કૃષ્ણ પાસે.
મંદીર તેડીયા ચાલીને ભેટીયા, ત્રીવીધીના તાપ તે સરવ નાઠા.
હેમ સિંહાસને લઇ બેસારીયા, તાણુતા વીપ્રનાં વસ્ત્ર ફાટયાં ચા.
તેલ ફુલેલ મરદન કરાવીયા, શુધ્ધ ઉષ્ણોદકે સ્નાન કીધુ;
કનકના પાવડા ચરણ આગળ ધરી, કૃષ્ણે ચરણોદક શીશ લીધું.
પુનીત પીતાંબર પેહેરવા આપીયું, કનકના થાળે પકવાન કીધાં;
ભાવતાં ભોજન કૃષ્ણ સાથે કર્યાં, લીધું આચમનને કાર્ય સિધાં.
કૃષ્ણ પલંગપર પોતે પધરાવીયા, વીનતા વીંજણે વાયુ ભરતાં;
સત્યભામાદિક નારી નીરખી રહી નરસઇયાના નાથ પદ સેવા કરતા.

પ્રભાતિયું ૧૩ મું.

ભાગ્ય જોજોબાઇ કૃપણ ભીક્ષુક તણું, રૂક્ષમણી આદી સઉનારી બોલી.
જળચર જોગ્યતે ભોગ પહોચાડીયા, આજ અમરીતથી અધીક તોલે.

આ કરપણુ રૂપતે પ્રગટીયું ક્યાં થકી, વસ્ત્ર મેલાં દીસે કરમ ફુટ્યો;
જંત્રગણુને દુરલભ શેજ રામા તણી, વશ કરી નાથને પાપ છુટયો.
અંગ અતી કમકમે ધમણુ મોડે ધમધમે, ઉધરસને વળી નાક ચુતો.
જોઈને કઊતક હરી હેલ દશા ફરી, કૃપાળુ તે કૃષ્ણ સંગ સુતો. બા.
પહોડીને ઉઠીયા સ્નાને બેસારીયા, વદન પખાળવા નીર દીધું;
કુશળ છે બાળ ગોપાળ મત્ર તમ તણા, ભાગ્ય મોટું મેં ચીત લીધું
ગૃહસ્થના ધરમમાં હું વળગી રહ્યો, હું તે મારી વળી ગત ભૂલ્યો;
મીત્ર સુદામાની શુદ્ધ લીધી નહી, કામની ફંદમાં હુંજ ફુલ્યો.
સાંદીપ ગોરને ઘેર આપણ ભણ્યા, ધન્ય ધન્ય દીવસ સફળ કહાવ્યો,
એક રેણી રહ્યા વન વીશે આપણે, મરપણ ભાગતા મેઘ આવ્યો.
અન્ન લીધા વીના ભુખ્યા બેશી રહ્યા, ગોરાણીએ આપણી પીડ જાણી.
વીસરી ગયું છે કે વીર તને સાંભરે, સાંદીપગોરની અચળ વાણી.
ભાભીએ ભેટ જે મોકલી મુજ ભણી, ભાવશું ભાઈ લાગે મીઠી;
સંકોચતો ગાંઠડી વીપ્ર આંસુ ધરે, નરસઈયાના સ્વામીએ નજરે દીઠી.

પ્રભાતિયું ૧૪ મું.

છપન ભોગ જ્યાં કવણુ તાંદુળ ત્યાં, આપતાં ઊર સંકોચ આવે.
જેરે જોઈએ તે આવી મળે કૃષ્ણને, તાંદુળ ભેટ તે તુચ્છ કહાવે. છ.
ધાઈ લીધાં હરી મુઠ તાંદુલ ભરી, પ્રેમે આરોગીયા ત્રપ્ત પામી.
ઇંદ્ર કુબેરથી અધીક વઈભવ કર્યો, રૂક્ષ્મણી કર ગ્રહ્યો શીશ નામી.
એક રહ્યા અમો આપ બીજા તમો, ભકતનુ અઢળક કામ કરતાં;
પ્રેમદાએ પ્રેમનાં વચન એવાં કહ્યાં, હાથ સાહ્યો ત્રીજી મુઠ ભરતાં.
વીનતા વચન તે વિપ્ર સમજ્યા નહી, ચાલવા ઘરભણી શીખ માગી;
નરસઈના નાથે દુરબળપણું ટાળીયું, સુખના દુઃખની ભીડ ભાગી.

પ્રભાતીયું ૧૫ મું.

વીપ્ર ચાલ્યો વળી કૃષ્ણ સાથે મળી, ચીતમાં શોચ વીચાર કરતો;
આપ્યું તો કાંઈ નહી પ્રીત જાણી નહી, તે તણો શોચ રૂદીએજ ધરતો.
અષ્ટ મહાસીધી તણી, વૃદ્ધિ નવ નિધિ ઘણી, સ પતીમાં રહ્યો ભોગમાણી;
કામની કંથને કુ દ્વારીકા આવીયો, અમ તણી પ્રીતતો નવ જાણી.
બાળગોપાળ જે વાટ જોતાં હશે, તેહને જોઈ અમો શુંય કહેશું;
મીત્ર મોહન તણું હેત જ્યારે પુછશે, કામનીને ઉતર કેમ દેશું.
એમ ચીંતા કરે નેત્રથી નીર ઝરે, કરમની વાત મનમાહી ધારી;
નરસહયાંના નાથતો અતિઘણો લોભીયો, પીતાંબર પણ લીધાં ઉતારી.

પ્રભાતીયું ૧૬ મું.

ધન્ય તું ધન્ય તું રાય રણછોડજી, દીન જાણી મને માન દીધું;
નહી સુજ જગતે ભોગ પોહોચાડીયા, આજ અમરીપથી અધિક કીધું.
કનકને આશને મુજને બેસારીઓ, રૂક્ષમણી કૃષ્ણનો હાથ સહાતા;
હેત કરી હરી ચરણ તળાસીયા, ખટરસ ભોજન ખાતે ખાતા.
બાળપણા તણો સ્નેહ નવ વિસર્યા, મીત્ર મોહન તણી પ્રીત સાચી;
હેતથી હળીમળી માન દીધુ મને, રંક બેસારીયો કનક માંચી. ધ.
ધન્ય કૃષ્ણજી મત સેવા કરી, ધ્યાન ધરતો હું નિજ દ્વારે આવ્યો.
રત્ન જડીત મણી ભોવન શોભા ઘણી, દિવશું દ્વારકાં માંહી આવ્યો.
કનકની ભૂમીને રત્નના થાભલા, કનકની જ્યોત ઉધોત દીસે;
બાનને પાન વીહાર સ્થાનક ઘણા, કામની નીરખતાં કામ હીસે.
સમ નવ વરસની દીઠી ત્યાં સુંદરી, નારી નવ જોબન બહુ વાળી;
સોળ સણગાર તે અંગ સુંદર ધર્યા, દેવ વીગનથી રહ્યા નીહાળી,
સહસ્ત્ર દાશી મળી પાસે વીંટી વળી, કામની કંથ પાસે આવી,
સ્વામીરે સ્વામી હુંછું દાશી તમતણી, ચાલો મંદીર વીશે પ્રેમ આણી.

ગોમતી સ્નાન કરી કૃષ્ણજી નરખિયા, પુન્ય પ્રગટ થયું પાપ નાઠું;
તે થકી સમૃદ્ધી આ સકલ સાંપડી, મટી ગયું આપણું ભાગ્ય માઠું.
કૃષ્ણ કહેતાં તે નીજધામ પધારીયા, નવલ જોબન તેમાં નર નેનારી.
વીનતી કરતાં રજની વીતી ગઈ, નરસઈયાના સ્વામીની પ્રીતભારી.

પરોઢીયે વહેલા ઉઠવા વિષે. પ્રભાતીયું ૧૭ મું.

રાત રહે જ્યારે પાછલી ખટ ઘડી, સાધુ પુરૂષને સુઈ ન રહેવું.
નીંદ્રાને પરહરી સમરવા શ્રીહરી, એક તું એક તું એમ કહેવું. ટેક.
જોગીયા હોય તેને જોગ સંભારવા, ભોગીયા હોય તેને ભોગ તજવા;
વેદિયા હોય તેને વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેને કૃષ્ણ ભજવા,
સુકવી હોય તેને મદ અર્થ બાંધવા, દાતાર હોય તેને દાન કરવું;
પ્રતીવ્રતા નારીએ કંથને પુછવું, કંથ કહે તે તો ચીત ધરવું. રાત.
આપણે આપણા ધરમ સંભારવા, કરમના મરમ લેવા વિચારી;
નરસઈયાના સ્વામીને સ્નેહથી સમરતા, ફેર નવ અવતરે નરને નારી.

વામનજીના જન્મ વિષે. પ્રભાતીયું. ૧૮ મું.

બળીતણે દ્વાર હરી વીપ્ર વામન હુવા, જેને જોઈને ધુન ગઈ ગગને ગાજી;
ઇંદ્ર પ્રસ્થથી બળી આવ્યો ઉતાવળો, જેને જોઈને તે દીજલોને વીચારી.
એક પરણુકુટી તણો ઠામ માગવા કરૂં, બોલવું તે મારે મુળ સાચું;
વિપ્ર કરે ઘણા લોભના વાહલા, દાન માટે ઘણો હું ન રાચું.
લ્યોને દીજજી તમે નીપજ્યા મંદીરે, ભૂમીશું માગીને ત્રણ કરમાં;
લ્યોજી ભંડાર બહુ કુંચીયો સહીત, વળી માગો હસ્તી મારા રાજઘરમાં.
હસ્ત ભંડારને હું શું કરૂં, લોભીયાની નથી જાત મારી.
આગે વીધાતાયે વામન નીરમીયો, વરત રહેવું મારે બ્રહ્મચારી.
ચેતજે તું બળી શુક્ર કહે છળ પડ્યો, વીષ્ણુએ વામન વેશ ધારી;
અશ્વ જગન સમે દાન અવનીતણું, પાત્ર એવું ક્યાં મળે મુને મોરારી.

હરીતણા ચરણ ઉપર શીર નામતાં, નાળમાં ભ્રગુસુત પેઠા ચાલી;
શીસ રૂદય ધરી ધણું પ્રાણું રાયજી, નેત્રમાં દરભની સેર ઘાલી;
આપડો બળીરાય પગતળે ચાંપીઓ, ભૂપ પાતાળનો કરી થાપ્યો;
નરસઇયો હરી ભક્ત આધીન છે, ઇંદ્રે અવીચળ અધીકાર આપ્યો.

પ્રભાતીયું ૧૯ મું.

સારકર સારકર સારકર શામળા, સનમુખ આવીને જુઓને આજ;
ધુ અમો નાગરા હઠ લઈ બોલશું, લોપશુ ત્રીકમ તારી લાજ.
ગોકુળમાંહ્ય તું મલપતો કાનજી, આહીર નવ નીત લેતો ચોરી;
ચચળ ચોળ શુ મુખ નથી બોલતો, હવે અમે લાજ ખોઇશું જતારી.
બહુપેર ગોપીને લાડ લડાવીયાં, અન્ન આહીરનું જમતો ચાખી;
નટવર વેસ ધરી ભોગ લીલા કરે, નરસઇયા સગથી શેખી રાખી.

પ્રભાતીયું ૨૦ મું.

ઉઠને શામળા મુકી મન આમળા, બોલે નહી શુ જ અભીમાનમાટે.
આપને હાર કાં લત્કા પ્રગટ કરૂ, જે કાધુ ને વશીંવટ વાટે. ઉ.
અણુવરી નાર તે ભોગવી ભુદરા, પરણતાં ગરથ શું બેઠા તારે,
હારને વાર થઈ ભાર ભાગી ગયા, શું કહુ તમોને વારે વારે. ઉ.
કળીયુગમા કશી પતીત નહી લોકની, એમ કરશો ત્યારે કોણ ધારશે;
ભણે નરસઇયો હવે હળવો પડ્યો, તાયરા ગુણ તો કોણ ગાશે. ઉ.

પ્રભાતીયું ૨૧ મું.

તુને રોકી રહી રાધકા રગ જામો ધણો, રહીયા રજની રહીરે થોડી;
નંદના નંદતું શાને આળસ કરે, નાગરા સાથે તો પ્રીત તોડી.
દેવને પાળીને કામ પરજાળીને, ઇશ પદ પામીયો અમકાજ સ્વામી;
શામળા તુજને લોક લંપટ કહે, થયો વ્યભીચારી કાનુડો કામી. તુ.
હઠ કરે નેમશું હઠ કરે શામળા, તુટશે સ્નેહ ત્રીકમ તાણે;

ભણે નરસઇયો જો જામની વહી ગઈ, મંડળીક મારશે મુજને વહાણું.

આત્મજ્ઞાન વિષે પ્રભાતિયું ૨૨ મું.

જ્યાંલગી આત્મા તત્વ ચીન્યો નહી, ત્યાં લગી સાધના સરવે જુઠી;
મનુષાદેહ તારો એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટી વુઠી. જ્યાં.
શું થયું સ્નાન સેવા ને પુજા થકી, શું થયું ઘેર રહી દાન દીધે;
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શું થયું લાલ લોચન કીધે.
શું થયું તપ ને તીરથ કીધા થકી શું થયું માળા ગ્રહી નામ લીધે;
શું થયું તીલકને તુળશી ધર્યાં થકી, શું થયું ગંગાજળ પાનપીધે. જ્યાં.
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગને રંગ જાણે;
શું થયું ખટ દરશન શેવા થકી. થયું શું વરણના ભેદ આણે. જ્યાં.
એછે પરપંચ સહુ પેટ ભરવા તણા, આત્મારામ પરીબ્રહ્મ ન જોયો;
ભણે નરસઇયો કહે તત્વ દરશન વીના, રત્ન ચીંતામણી જન્મ ખોયો.

ઈશ્વરનું ધ્યાન ધરવા વિષે પ્રભાતીયું ૨૩ મું.

ધ્યાન ધર ધ્યાન ધર નંદ કુંવરનું, જે થકી અખીલ આનંદ પામે,
આઠ માહાસીધી દ્વાર ઉભી રહે. દેહનાં દુકૃત દુર વામે. ધ્યાન.
મોરના પીછના મુગટ મસ્તક ધર્યા, કુંડળ મકરાકૃત શ્રવણ લટકે;
નીલવટ તીલક ને સુગંધ કેસર તણું, કંઠ મુક્તાફળ હાર ઢળકે.
પીતાંબર પલવણ કટીત રૂચીર છે, લલીત તીભંગવાળો વેણુ વાયે;
કદમના દ્રુમ તળે રાધીકા રસ ભરી, હરજીને સંગ અલોપી ગાયે.
મોરલીની ધ્વની સુણી વનીત વ્યાકુળ થઇ, ગોપીકા ઘેરવા વૃંદ આવે;
નરસઇયાંને મન આનંદ અતી ઘણો, પુષ્પ મુક્તાફળ લેઈ પધરાવે.

પ્રભાતીયું ૨૪ મું.

શા સુખે સુતો સબાર શ્રી નાથને, હાથ તે હરી વિના કોણ આવે;
માતને તાત સુત ભ્રાત ટોળે મળ્યા, દોહલી વેળા તે દુર જાએ. શા.

ઊંધે મસ્તક હતો ઉગ્ર તપ આદરી, ભક્તિ કરી ભગવાન કેરી;
અવતરી પાસ બંધાયો માયા તણો, લંપટી લાલચે લીધો ઘેરી.
દીવસે ચોદશ ભમ્યો રાત નિંદ્રા વીશે, સ્વપ્નામાં સાંભળે મોટી માયા;
પલક પરવાર નહી હરીને ભજવા તણો જ્યાં લગી જીવશે જોગ કાયા.
ધન ધામે કરી મોહી રહ્યો લોભીયા વેદના વીસરી ગરભ કેરી;
નાથ ત્રિલોકના હરીને સંભાળીયા, જ્યારે રાખ્યો ના જઠરામાં ઘેરી.
જાગરે જીવડા વાજ આવ્યો ઘણું, કેટલો એક પ્રતીબોધ દીજે;
નરસીના સ્વામીને નીત્ય સંભારતા, દેહના દુકૃત્ય દુર કીજે. ૩.

ઉપદેશ વિશે પ્રભાતિયું ૨૫ મું.

સાધુ સાચે ભજો ચરણ ગોવીંદના, માનવી દેહ તે તત્વ કહીએ;
કૃષ્ણ કહો કૃષ્ણ કહો વળીવળી, કૃષ્ણ કહો કૃષ્ણ કહેતાં સુખ લહીયે.
ક્રાણુ રોમ તણી અમર ઇચ્છા કરે, મુઢમતી માનવી કાંઇ ન જાણે;
કૃષ્ણનું નામ રખે રૂદયથી વીસરે, ધન્યમાં ધન્ય કૃષ્ણજ પ્રમાણે.
જેને જોવા મહા મુનીજન વન ભમે, વીઠલો વનમાં ગાયો ચારે;
ભણે નરસઇયો જે ચતુર નર તે ખરો, અહરનીશ શ્રી કૃષ્ણ ધારે.

જશોદાના પુન્ય વિશે પ્રભાતિયું ૨૬ મું.

ધન્ય ધન્ય મહા પુન્ય જશોદા તણું, પુત્ર ભાવે પરીબ્રહ્મ ગાજે;
નંદનો નંદ આનંદ થઇ અવતર્યા,ભ્રાત બળીભદ્ર સંગ બીરાજે.
અમર આહીર અરધાંગ ગોપાંગના, લક્ષવલી સરવ રૂશી રાણી;
ભક્તિ તે રાધીકા મુક્તી જશોમતી. વ્રજ વૈકુંઠ તે વેદવાણી. ૧.
નીગમ વસુદેવજી ગાય ગોપી રૂચાં, દેવકી બ્રહ્મ વીવાદ કહાવે;
શંકર લાકડી વેણુ મહાદેવજી, પંચ વદન કરી ગાન ગાવે. ૨.
ઇંદ્ર અરજુન અહંકારી દુરીયોધન, દેવતા સરવે અવનાર લીધો;
ધર્મ તે રાય યુધીષ્ટર જાણજો, દાસનો દાસ નરસઇયો કીધો. ૩.

જશોદા શ્રી કૃષ્ણને જગાડે છે પ્રભાતિયું ૨૭ મું.

ઊઠ ઉતાવળો ચાલ તું વીઠલા, ગોવીંદ ગાયને વચ્છ ધાવે;
જાગને જાદવા જનની જશોદા વદે, કહાન કાં તને નીંદ્રા આવે.
દંતધાવન કરો આળસ પરહરો, રજની તીમીર ગયુ પહોર ફાટયું;
કુર ને કરમલો સેન શાશાવતો, હરિરે દામોદરા થાય ખાટું. ઉ.
બારણા બહાર બળીભદ્ર ઉભા રહ્યા, જોરે વાહાલા તારી વાટ જુવે,
નરસઇયાના સ્વામીનુ મુખડું દીઠડે, માતનુ મનડૂ અતીરે મોહે;

નાગદમણ વિશે પ્રભાતિયું ૨૮ મું.

જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે,
જાગશે તને મારશે મને બાળ હત્યા લાગશે—ટેક૦　　જ૦ ૧
કહેરે બાળક કા મારગ ભુલ્યો, કે તારા વરીએ વળાવીયા,
નીશ્ચે તારો કાળજ ખુટયો, અહીંયા તે શાદ આવીયો. જ૦ ૨
નથી નાગણ હુ મારગ ભુલ્યો, કે મારા વેરીએ વળાવીયા,
મથુરાં નગરીમાં જુગટું રમતા, નાગનુ શીશ હુ હારીયા. જ૦ ૩
રંગે રૂડો રૂપે પુરો દીસતો, કોડીલો કોડામણો,
તારી માતાએ કેટલા જન્મીયા, તેમા તું અળખામણો. જ૦ ૪
મારી માતાયે બહુ જન્મ્યા, તેમાં હુ નટવર નહાનડો;
જગાડ તારા નાગને, મારૂ નામ કૃષ્ણ કોડામણો. જ૦ ૫
લાખ સવાનો મારો હાર આપુ, આપુરે તુજને દોરીયા,
એટલું મારા નાગથી છાનુ, આપુ તુજને ચોરીયો. જ૦ ૬
શું કરૂ નાગણ હાર તારો, શું કરૂ તારો દોરિયો;
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમા ચોરીયો. જ૦ ૭
ચરણ ચાંપી મુછ મરડી, નાગણે નાગ જગાવીયો:
ઉઠોને બળવંત કોઈ, બારણે બાળક આવીયો. જ૦ ૮

એક બળીયા બાથે વળીયા, કૃષ્ણે કાળીનાગ નાથીયો;
સહસ્ર ફણે ફુંફવે જેમ, ગગન ગાજે હાથીઓ. જ૦ ૯
નાગણ સૌ વિલાપ કરે છે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરાં નગરીમા લઈ જશે, પછી નાગનુ શીશ કાપશે. જ૦ ૧૦
બેઉ કર જોડીને વીનવે સ્વામી, મુકો અમારા કંથને,
અમે અપરાધી કાંઈ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને. જ૦ ૧૧
થાળ ભરી સગ મોતીયે, શ્રી કૃષ્ણને વધાવીયો;
નરસઈયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવીઓ. જ૦ ૧૨

ભક્તિ માગવા વિશે પ્રભાતિયું ૨૯ મું

મારા નાથજી મુજને ભક્તિ દેજો સદા, દીન જાણીને સંભાળ લેજો;
ભક્તિ આપી ભલા ભાવથી ભૂધરા, અંતે આવી અહોનિશ રહેજો.
ભક્તિ કારણ મારો દેહ દુરબળ હજો, દેહ કારણ રખે સ્નેહ જાય;
આઠ મન સાથ જદુનાથજી નીસરે, વળતી વલે મારી કોણ થાય.
કર્મ કુડા કરી ખાણુ ચારે ભરી, નાસવા નીસરો નામ ધારી;
કૃષ્ણ કીરતન વિના જન્મ વ્રથા, જેમ રહુ જુગટે રહી હારી.
હું ગરભના ઘરથી નીત્ય ઉજાગરો, નવ ટરયા નાથજી શરણ પાખે;
ભવ બીજે મુકતાં વાહારને ઘુમ નહી, બાહ ગ્રહી મુજને કોણ રાખે.
અલ્પ આયુષ્યમા કલ્પ મનુષ્ય આજ કીધુ વળી કાલ કરવું,
શ્વાસના કાં વીશ્રામ નહી આ સમે, આશ અધુરીને એમ મરવું.
ઉત્તમ મધ્યમ ચરણનું વીઠલા, પ્રગટ થઈને દરશન પમાડો;
નરસઈયા રકને ટક કરૂણા કરો, દીનબંધુ વાળ્યો આઠ આડો. મા.

કૃષ્ણના મેળાપ વિષે પ્રભાતિયું ૩૦ મું.

હળવે હળવે હળવે હરજી, મારે મંદીર આવ્યારે;
મોટે મોટે મોટે મેતો, મોતીડે વધાવ્યારે. હ૦ ૧

કીધું કીધું કીધું મુજને કાંઈક કામણ કીધુંરે;
લીધું લીધું લીધું મારૂં ચીતડું ચોરી લીધું રે. હ૦ ૨
જાગી જાગી જાગી હુંતો હરીમુખ જોવા જાગીરે;
ભાગી ભાગી ભાગી મારા મનની ભાવટ ભાગીરે. હ૦ ૩
ફુલી ફુલી ફુલી હુંતો હરી મુખ જોવા ફુલી રે;
ભૂલી ભૂલી ભૂલી મારા ઘરનો ધંધો ભૂલીરે. હ૦ ૪
પામી પામી પામી હુંતો આહા પદવીને પામીરે;
મળીયો મળીયો મળીયો મેહેતા નરસઇયાનો સ્વામીરે. હ૦ ૫

ભકતોનાં માન રહેવા વિશે પ્રભાતિયું ૩૧ મું.

વાસ નહી જ્યાં વઈષ્ણુવ કેરો, ત્યાં નવ વસીએ વાસડીયાં;
સ્વાસો સ્વાસ હરી સ્મરણ ન કરતો, સ્વાસ ધમણ કેરી સ્વાસડીયા.
જીભલડી જપમાળા ન જપેતો, જીભલડી નહી ખાસડીયાં.
જન્મ તેનો નહો લેખામાં જે, ન કહેવાયા હરીનાં દાસડીયાં. વા.
મોહન માયા પાખી, અવર માયા જમ ફાંસડીયાં;
ભણે નરસઇયો બારે મારી, માવલડી દમ મામડીઆં. વા.

ભક્તને તજવા વિશે પ્રભાતિયું ૩૨ મું.

નારાયણનું નામજ લેતાં, વારે તેને તજીએરે;
મનશા વાચા કરમણા કરીને, લક્ષ્મીવરને ભજીએરે. ના૦ ૧
કૂળને તજીએ કુટુંબને તજીએ, તજીએ માં ા બાપરે;
ભગની સુત દારા ા તજીએ, જેમ તજે કચુકી સાપરે. ના૦ ૨
પ્રથમ પીતા પ્રહલાદે તજ્યા, નવ તજ્યું હરીનું નામરે;
ભરત શતરૂઘને તજીરે જનેતા, નવ તજ્યા શ્રીરામરે. ના૦ ૩
રૂશી પત્ની શ્રી હરીને કાજે, તજ્યા નીજ ભરથારરે;
તેમાં તે કાંઇએ નવ ગયું, પામી પદારથ ચારરે. ના૦ ૪

વ્રજ વનીતા મીઠાશને કાજે, સરવ તજી વન ચાલીરે;
ભણે નરસઇયો વંદ્રાવનમાં; મોહન સાથે મહાલીરે. ના૦ ૫

પ્રભાતિયું ૩૩ મું.

દુરમતીયાં ડાહ્યાં થઇ આવે, શાણા થઇ સમજાવેરે;
પ્રેમ ભક્તીમાં ભંગ પડાવે, અજ્ઞાન આગળ લાવેરે. દુર. ૧
આપણા કુળમાં કોણે જે કીધું, તે આપણ કેમ કરીએરે;
વઇરાગી થઇ નાટક નટીએ, તુલશી તીલક કેમ ધરીએરે. દુર, ૨
જેવા તેવા હોય તે હરીગુણ ગાયે, તે આપણે કેમ ગઇએરે;
કૃષ્ણ નામની કથા થાય જ્યાં આપણે કેમ જઇએરે દુર. ૩
આપે કલેશ કરોધના ભરીયા સઘળાને સમજાવેરે;
જમ ઠ... ...ોરજ પડશે, ત્યારે આડે કોઇ ન આવેરે. દુર. ૪
કુળને તજશે હરીને ભજશે રહેશે સસારનું મેહેણુ રે,
ભણે નરસઇયો હરી તેને મલશે, બીજી વાતે વાશે વહાણુંરે. દુર. ૫

ઇશ્વર જાણવાના ઊપદેશ વિશે પ્રભાતિયું ૩૪ મું.

જુવાની ... હલાડેર હરી ... જાણ્યા નહીરે, કાંઇક મોહ્યું પરદારા સાથે મન;
કાંઇકને મોહ્યારે કામનીના રુપમાંરે, કોઇક જોડવા ધાયો ધન. જુ.
પચાસને પચાસરે પરપંચમા ગયાંરે, દોહીલા આવ્યા સાઠ વરશના દન;
સીતેર સુધારેરે કાંઇ સમજ્યો નહીરે, પછે ચાલ્યો સાધન કરવા વન.
આખડીએ ન સુજેરે ગળે બહુ નાસીકારે, ઓઉ તેને સંભળાયે નહી કરણ
માથાનો ન મુકેરે તુટે નહી ત્રંણારે, ઓળખાય નહી અશરણ શરણ.
હાથમાં લાકડીરે ચરણ ચાલે નહીરે, તુટીને શીથળ થયુ છે તન;
મુખમાંહો દતરે એકે દીશે નહીરે, તોએ પાપી ઉદર માગે અન્ન. જુ
ભાગ્ય જેનુ ભલુરે આ અવસરતે ઓળખેરે, તતો પ્રાણી કહેવાય હરીના જન
નરસઇયાના સ્વામીનેરે સુખમાં સંભારજો, જોરે હોય પેલા ભવનું પુન્ય.

દ્રૌપદી પ્રાર્થના કરે છે પ્રભાતિયું ૩૫ મું.

દ્વારકાંના વાસીરે અવસરે વહેલા આવજોરે, રાણી રૂક્ષમણી કેરાકંથ;
દુષ્ટ દુરજોધનરે લાગ્યો મને પીડવારે, પ્રભુ મારા ચોક્શ ન્યાળુતારો પંથ
સોડ તાણીનેરે સુતો શું શામળારે, આળસ મોડીને ઉઠો આજ;
લક્ષ્મીજી તળાંસે પાવન તારા પાવલાંરે, અમપર મ્હેર કરો મહારાજ
ગ્રાહને થકીરે ગજ મુકાવીયોરે, કીધી તમે સુધનવાની સહાય;
નરસીંહ રૂપરે હીરણ્યાકસ્યપુ હણ્યોરે, પ્રલ્હાદ ઉગારયા લાગ્યા પાય.
છપન કરોડરે જાદવ તાહરારે, સાથે બળીભદ્ર સરીખા ભ્રાત;
કાળીનાગ નાથ્યોરે જરાસંઘ જીતીયોરે, તે બળ ક્યાં ગયું મારાનાથ,
વસમીવેળા મારીરે વારે ચડો વીઠલારે, ધાજો તમે છત્રપતિ નીરધાર;
અસ્વારી કરજોરે ગરૂડના ઉપરે, નરસઇંયો વિનવે વારંવાર.

પ્રભાતિયું ૩૬ મું.

કોણુ એ સમાના કામની, દંત દળીએલ રામા;
દ્રુપદીની લજ્યા રાખવા, હરી ઉભા છે સામા. કોણ. ૧
વાલોજી ગયાતારે વાડીએ, સરવ સુંદરી સાથે.
સેલડીનો સાંઠો છોલતાં, છરી એઠી છે હાથે. કોણ. ૨
માનીતી મંદીર પધારીયા, ચીથરડીરે લેવા;
દ્રુપદીએ ચીર વધેરીયું, હરીને પાટો બંધાવા. કોણ. ૩
ત્રીકમે તેના તાંતણા, લખી રાખ્યા છે લેખે;
નવસે નવાણું ચીર પુરીયાં, સઘળી સભારે દેખે. કોણ. ૪
ગરૂડે ચઢીને ગોવીંદ આવીયા, આવ્યા અંતરજામી;
ભક્ત ઉદ્ધારણ ભુધરા મહેતા નરસઇનો સ્વામી. કોણ. ૫

ઇતિ શ્રી પ્રભાતિયાં સમાપ્ત.